NAAC – ReAccredited B
SHRI A.R.S. SAKHIDA ARTS, SHRI C.C.GEDIWALA COMMERCE
SHRI C.C. HOME SCIENCE COLLEGE, LIMBDI
DIST.SURENDRANAGAR (GUJARAT) 363421
(Managed By Limbdi Kelavani Mandal)
College Code : 77, Zone Code : 94, STD 02753 Tel/Fax 260025 (O), 260291 ( R )
www.arsscolleges.org , E-mail:arscollege@gmail.com
Dr.S.G.PUROHIT
PRINCIPAL

તા.૧૮/૦૮/૨૦૨૩

# * અસાઈનમેન્ટના નિયમો *

- વિદ્યાર્થીએ અસાઇનમેન્ટના નિયમો મુજબ અસાઇનમેન્ટ લખવાના રહેશે. જે તે વિષયના પ્રોફેસરશ્રીએ અસાઇનમેન્ટના નિયમોને ધ્યાનમાં લઈને તેનું મૂલ્યાંકન કરવાનું રહેશે.

1. એસાઈમેન્ટ લખતાં પહેલા, એસાઈમેન્ટના વિષયને લગતું વાંચન કરવું.
2. કોલેજ લાઈબ્રેરી કે અન્ય જગ્યાએથી અસાઇનમેન્ટના વિષયને લગતાં પુસ્તકો, ટેક્ષબુક, સંદર્ભ પુસ્તકો, સામયિકો, જર્નલસ, છાપામાં લેખકે લખેલ લેખ વગેરેનું વાંચન લેખન કરવું.
3. વાંચન-લેખનને આધારે અસાઇનમેન્ટ મૌલિક ભાષામાં સ્વહસ્તાક્ષરે લખાયેલ હોવા જોઈએ.
4. પોતાના અસાઇનમેન્ટની અન્ય કોઈ કોપી ન કરે તેની કાળજી લેવી.
5. જાતે લખેલ અસાઇનમેન્ટમાં કૌટિલ્ય, ટેક્ષબુક કે અન્ય સંદર્ભનો સીધો ઉતારો / કોપી ન થાય તેની કાળજી લેવી.
6. અસાઇનમેન્ટમાં સાચા શબ્દોનો ઉપયોગ કરો.
7. અસાઇનમેન્ટમાં ભાષાકીય જોડણી સાચી લખો.
8. અસાઇનમેન્ટના અક્ષરો સુવાચ્ય હોવા જોઈએ, તે માટે લખવાની વારંવાર પ્રેકટીશ કરો.
9. અસાઇનમેન્ટના વિષયનાં વાક્યો ટૂંકા લખો, ટૂંકા વાક્યો ખૂબ જ અસરકારક હોય છે, જે વાંચનાર તરત જ સમજી શકે છે. ટૂંકા વાક્યો જલદી સમજાય તેવા હોય છે. અસાઇનમેન્ટ લખવાથી પ્રેકટીકલ સ્કીલ (કૌશલ્ય) વિકસે છે.
10. અસાઇનમેન્ટ થી વિષયના વ્યાપક પણાને વિદ્યાર્થી સમજી શકે છે.
11. અસાઇનમેન્ટ જાતે લખવાથી વિચારવાની અને મૂલ્યાંકન કરવાની કળા વિકસે છે.
12. અસાઇનમેન્ટ વારંવાર લખવાથી અને વારંવાર વાંચવાથી યાદ શક્તિ વધે છે, અક્ષરો સુધરે છે.
13. વિષય સબંધિત મટીરીયલ શોધવાની કળા વિકસે છે.
14. અસાઇનમેન્ટ લખવાથી જટીલ પ્રશ્નો ઉકેલવાનું માનસ વિકસે છે.

15. અસાઇનમેન્ટ લખવાથી સંશોધન તરફ આગળ વધી શકાય છે.

16. અસાઇનમેન્ટના મુખ્ય પેઇઝ પર જરૂર જણાય કલર પેન/ સ્કેચપેનનો ઉપયોગ કરો.

17. અસાઇનમેન્ટના પાછલા અથવા બીજા પેઇઝ પર એસાઈમેન્ટના મુખ્ય અને પેટા મુદ્દાની અનુક્રમણિકા બનાવો, પેઇઝ નંબર આપો.

18. અસાઇનમેન્ટ લખવામાં જે સંદર્ભ સાહિત્યનો ઉપયોગ કર્યો હોય, તે સંદર્ભ સાહિત્યના
(1) લેખકનું નામ (2) સંદર્ભ સાહિત્યનું પ્રકાશન વર્ષ (3) સંદર્ભ સાહિત્યનું નામ
(4) જે સંદર્ભ લેખ / પ્રકરણનો ઉપયોગ કર્યો હોય તેનું નામ અને
(5) જે સંદર્ભ લેખ/પ્રકરણ ક્યાથી કયા પેઇઝ પર છે, તે પેઇઝ નંબર અવશ્ય લખવાં.

19. બંને સમાન કોપી ધરાવનારનો અસાઇનમેન્ટ કેન્સલ થવા પાત્ર છે અથવા ઓછા ગુણ મળવા પાત્ર છે અથવા શૂન્ય ગુણ મળવા પાત્ર છે.

20. કોઈ પણ અન્ય પાસે અસાઇનમેન્ટ લખાવવો તે, પરીક્ષામાં ડમી વિદ્યાર્થી જેટલો જ ગુનો બને છે, જે ફોજદારી ગુનો છે.

21. કોઈ પણ પેપર / વિષયના **<u>ઓછામાં ઓછા 4 અસાઇનમેન્ટ વિદ્યાર્થીએ લખવાના રહેશે</u>**, વધુ એસાઈમેન્ટ પણ વિદ્યાર્થી લખી શકે છે.

22. એક અસાઇનમેન્ટ ઓછામાં ઓછા પાંચ પેઇઝ નો લખવાનો રહેશે.

23. અસાઇનમેન્ટ દરેક પેઇઝની સાઇઝ અને કલર સમાન હોવા જોઈએ.

24. દરેક પ્રોફેસરશ્રી પાસેથી અસાઇનમેન્ટના વિષયો મેળવી લેવાના રહેશે.

25. દરેક વિદ્યાર્થીએ નિયત નમૂના મુજબનું અસાઇનમેન્ટનું કવર પેઇજ સ્વચ્છ અક્ષરમાં ભરીને અસાઇનમેન્ટ ઉપર લગાવવું.

➢ **અસાઇનમેન્ટ લખીને નિયત કરેલ ટાઈમ ટેબલ મુજબ જે તે વિષયના પ્રોફેસરશ્રીને આપવાના રહેશે.**

**<u>અસાઇનમેન્ટ જમા કરાવવાની તારીખ અને વિદ્યાર્થીઓના રોલ નંબર</u>**

| BA/B.COM/BSC(HS) SEM-5 | BA/B.COM/BSC(HS) SEM-3 |
|---|---|
| 1. 21/08/2023 - રોલ નં. – 1 થી 100 | 1. 24/08/2023 - રોલ નં. – 1 થી 100 |
| 2. 22/08/2023 - રોલ નં. – 101 થી 200 | 2. 25/08/2023 - રોલ નં. – 101 થી 200 |
| 3. 23/08/2023 - રોલ નં. – 201 થી ઉપર | 3. 26/08/2023 - રોલ નં. – 201 થી ઉપર |